૨૦૧૬-૧૭, નાયબ ચીટનીશ

આ પ્રશ્નપત્રમાં કુલ 16 છાપેલા પાના છે.

# DC - 2016-17

A

કુલ ગુણ : 150

સમય : 1 કલાક 30 મિનિટ

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

પ્રશ્નપુસ્તિકા કોડ : **A**

DC - 2016-17

A 12048417

SEAL SEAL | SEAL SEAL

ઉમેદવારની સહી : ____________ ખંડ નિરીક્ષકની સહી : ____________

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 150 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે અને ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે વિકલ્પ E આપેલ છે. પ્રશ્નની સાથે જ પાંચેય વિકલ્પ આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

(E) Not Attempted

જવાબવહી (Answer Sheet)માં

A ○ B ● C ○ D ○ E ○

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) **પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે.** બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે, જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબ દીઠ (-0.3) (માઈનસ ત્રણ દશાંશ).

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.4) (માઈનસ ચાર દશાંશ)

(iii) એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.6) (માઈનસ છ દશાંશ).

**(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "(E) Not Attempted" રહેશે, ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહીં.**

આમ સાચા જવાબ દ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i), (ii), (iii) મુજબ માઈનસ થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

(3) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(4) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET)માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર OMR SHEETના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાના OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે તથા **ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) પર આપેલ સૂચનાઓ વંચાણે લઈ તેનો ફરજિયાત અમલ કરવાનો રહેશે.**

(7) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, કેમેરા, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે :**

(સાચા જવાબની સંખ્યા x 1) – {(ખોટા જવાબની સંખ્યા x 0.3) + (ખાલી છોડેલ પ્રશ્નની સંખ્યા x 0.4) + (છેકછાક કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબની સંખ્યા x 0.6)} = ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ

**પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

PariksaPath . pariksapath.in

# SPACE FOR ROUGH WORK



ParikasaPath . pariksapath.in

1. રજા બાબતે કયા વિધાન / વિધાનો સાચાં છે ?

(1) રજા એ હક્ક નથી. (2) રજા નામંજૂર / રદ્દ કરી શકાય છે. (3) રજાનો પ્રકાર સક્ષમ સત્તાધિકારી બદલી શકે છે.

(A) 1 અને 2 (B) માત્ર 2 (C) માત્ર 3 (D) 1, 2 અને 3

(E) Not Attempted

2. No sooner did we __________ the market, it __________ raining. (Fill in the blanks)

(A) entered, start (B) enter, started (C) went, start (D) go, start

(E) Not Attempted

3. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો 1998 મુજબ મિલ્કત ખરીદવા અથવા હરાજીમાં બોલી બોલવા અંગેની જોગવાઈ કયા નિયમમાં કરવામાં આવેલી છે ?

(A) 21 (B) 22 (C) 23 (D) 24

(E) Not Attempted

4. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો 1998 મુજબ પંચાયત કર્મચારી પાસેથી જે અપેક્ષાઓ રાખવામાં આવે છે તે કયા નિયમમાં જણાવેલ છે ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(E) Not Attempted

5. 'શક સંવત'ની શરૂઆત કયા ભારતીય મહિનાથી થાય છે ?

(A) ચૈત્ર (B) કારતક (C) વૈશાખ (D) માગશર

(E) Not Attempted

6. વર્ષ 2012 નો રણજિતરામ સુવર્ણ ચંદ્રક કોને એનાયત થયો હતો ?

(A) ધીરેન્દ્ર મહેતા (B) સુનિલ કોઠારી (C) મધુસૂદન ઢાંકી (D) ચીમનભાઈ ત્રિવેદી

(E) Not Attempted

7. રાજ્યની કામગીરી એકત્રિકરણ અને દસ્તાવેજી સંચાલન કાર્યક્રમ IWDMS નું પૂરું નામ શું છે ?

(A) Integrated Workflow and Document Management System

(B) Integrated Work Development Management System

(C) Internal Work Development Management System

(D) Integrated Working Design and Management System

(E) Not Attempted

8. બાલાશંકર કંથારિયાનું તખલ્લુસ કયું છે ?

(A) ચંડુલ (B) પુનિત (C) અઝીઝ (D) ક્લાંત

(E) Not Attempted

9. પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મનીનું એકીકરણ ક્યારે કરવામાં આવ્યું ?

(A) ઑક્ટોબર, 2001 માં (B) જાન્યુઆરી, 1995 માં (C) ઑક્ટોબર, 1996 માં (D) ઑક્ટોબર, 1990 માં

(E) Not Attempted

10. ગ્રામસભાની વ્યાખ્યા ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (Article)માં આપવામાં આવેલી છે ?

(A) 243 (a) (B) 243 (b) (C) 243 (c) (D) 243 (d)

(E) Not Attempted

11. 'અભયઘાટ' કોની સમાધિ છે ?

(A) ઇન્દિરા ગાંધી (B) રાજીવ ગાંધી (C) લાલબહાદુરશાસ્ત્રી (D) મોરારજી દેસાઈ

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

12. As soon as we finished our work, the guests __________ . (Fill in the blank)
(A) arrived (B) will arrive (C) arrive (D) arrival
(E) Not Attempted

13. નીચેના પૈકી કયું પુસ્તક પ્રીતિ સેનગુપ્તાનું નથી ?
(A) પંડિત આકાશ (B) ઉત્તરોત્તર (C) કિનારે કિનારે (D) સપ્તપદી
(E) Not Attempted

14. ફરજ મોકૂફીના આદેશ સામેની અપીલ, ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1997 હેઠળ કેટલા દિવસમાં કરવાની રહે છે ?
(A) 120 (B) 90 (C) 60 (D) 45
(E) Not Attempted

15. અટીરા (ATIRA) શાના માટે જાણીતું છે ?
(A) પ્લાસ્ટીક સંશોધન (B) કાપડ સંશોધન (C) ક્લબ હાઉસ તરીકે (D) જ્વેલરી સંશોધન
(E) Not Attempted

16. ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ નીચેના પૈકી કોણ ખાતાનો વડો નથી ?
(A) જિલ્લા કલેક્ટર (B) ગ્રામ વિકાસ કમિશ્નર
(C) મનોરંજન કર કમિશ્નર (D) તાલુકા વિકાસ અધિકારી
(E) Not Attempted

17. 'બાળવિશ્વ' સામયિક કઈ સંસ્થાનું મુખપત્ર છે ?
(A) ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ (B) ગુજરાત સાહિત્ય અકાદમી
(C) બાળ સાહિત્ય અકાદમી (D) બાળ વિશ્વવિદ્યાલય
(E) Not Attempted

18. નાણાપંચની ગ્રાન્ટમાંથી કયા કામો લઈ શકાતા નથી ?
(A) સ્ટ્રીટ લાઈટ (B) હાટ બજાર (C) આંતરિક રસ્તા (D) સોલાર લાઈટ
(E) Not Attempted

19. રૂઢિપ્રયોગનો અર્થ લખો : 'કાગનો વાઘ કરવો'
(A) બુમરાણ કરવી (B) રોકકળ કરવી (C) ગજનું રજ કરવું (D) રજનું ગજ કરવું
(E) Not Attempted

20. ગુજરાત નાણાકીય નિયમો હેઠળ રોકડ-જામીન ખતનું ફોર્મ કયા નમૂનાના ફોર્મમાં નક્કી કરેલ છે ?
(A) ફોર્મ નં. 45 (B) ફોર્મ નં. 46 (C) ફોર્મ નં. 47 (D) ફોર્મ નં. 48
(E) Not Attempted

* Study the following para and answer the questions. (Q. No. 21 to 30)

Very often we come across very critical moments when we run into two minds. Patience is a virtue which comes to our rescue in such situation. We must not lose courage, instead we should crave for winning over the situation. Far and wide, the human nature is same; being optimistic always yields better results.

21. The word 'rescue' stands for __________ . (Fill in the blank)
(A) risk (B) operation (C) help (D) face
(E) Not Attempted

22. Which word stands for the opposite of 'patience' ?
(A) doctor (B) haste (C) disease (D) clinic
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

23. 'two minds' stands for __________ . (Fill in the blank)
(A) Intelligence (B) Strength (C) Confusion (D) Challenge
(E) Not Attempted

24. 'Very often' stands for __________ . (Fill in the blank)
(A) Hardly (B) Frequently (C) Seldom (D) Always
(E) Not Attempted

25. What is antonym of 'always' ?
(A) every (B) never (C) already (D) ever
(E) Not Attempted

26. What is antonym of 'optimistic' ?
(A) maximum (B) minimum (C) passimistic (D) palmist
(E) Not Attempted

27. 'Far and wide' means __________ . (Fill in the blank)
(A) huge (B) long and high (C) area (D) everywhere
(E) Not Attempted

28. 'Crave for' means __________ . (Fill in the blank)
(A) desire (B) fly (C) brave (D) win
(E) Not Attempted

29. What is the noun form of 'lose' ?
(A) loose (B) loss (C) lost (D) lessen
(E) Not Attempted

30. What is the adjective form of 'courage' ?
(A) encourage (B) decourage (C) encouragement (D) courageous
(E) Not Attempted

31. ઈ ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ કાર્યવંત 'VCE' નું આખું નામ શું છે ?
(A) Village Chemical Entrepreneur
(B) Village Computer Entrepreneur
(C) Village Computer Expert
(D) Village Computer Export
(E) Not Attempted

32. I know what __________ in the court tomorrow. (Fill in the blank)
(A) will he say (B) can he say (C) he will say (D) did he say
(E) Not Attempted

33. __________ is Dwarika __________ Somnath ? (Fill in the blanks)
(A) How long, to (B) How far, from (C) How much to (D) How, on
(E) Not Attempted

34. She shut the doors, __________ ? (Fill in the blank)
(A) doesn't she (B) didn't she (C) hasn't she (D) isn't she
(E) Not Attempted

35. ગુજરાત પંચાયત (શિસ્ત અને અપીલ) નિયમો 1997 હેઠળ શિક્ષા (penalties) ના પ્રકારો કઈ કલમમાં જણાવેલ છે ?
(A) 5 (B) 6 (C) 7 (D) 8
(E) Not Attempted



PariksaPath . pariksapath.in

36. સંધિ લખો : ઉચ્ચાર

(A) ઉર્ + ચાર (B) ઉ + ચાર (C) ઉદ્ + ચાર (D) ઉચ્ચ + આર

(E) Not Attempted

37. સેવાપોથી અને સેવાપત્રકોની ખરાઈ વર્ષમાં કેટલી વખત થાય છે ?

(A) 1 (B) 2 (C) 3 (D) 4

(E) Not Attempted

38. તાલુકાની સ્થાનિક મહેસૂલનો વહીવટ કયા અધિકારીને સોંપવામાં આવેલ છે ?

(A) તાલુકા વિકાસ અધિકારી (B) જિલ્લા રજીસ્ટ્રાર

(C) મામલતદાર (D) પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત

(E) Not Attempted

39. લોન અને પેશગી મંજૂર કરતી વખતે કઈ બાબતો ધ્યાને લેવાય છે ?

(1) અંદાજપત્રની જોગવાઈ (2) મુદ્દલ અને વ્યાજ દરનો ઉલ્લેખ (3) પરત ચૂકવણીની મર્યાદા (4) પૂરતી સુરક્ષા, સલામતી

(A) 1, 2, 3 અને 4 (B) 1, 2 અને 3 (C) 2, 3 અને 4 (D) 3, 4 અને 1

(E) Not Attempted

40. અલંકાર ઓળખાવો : 'દરિયાના મોજાં જેવો વિચાર પસાર થઈ ગયો.'

(A) રૂપક (B) શ્લેષ (C) અનન્વય (D) ઉપમા

(E) Not Attempted

41. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો હેઠળ 'રજા પ્રવાસ રાહત સમયે પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર' હેઠળ કેટલા દિવસની પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરવાની પરવાનગી આપી શકાય ?

(A) 30 (B) 20 (C) 15 (D) 10

(E) Not Attempted

42. 10 નેનોમીટર બરાબર કેટલા મીટર ?

(A) $10^{-8}$ (B) $10^{-7}$ (C) $10^{-9}$ (D) $10^{-10}$

(E) Not Attempted

43. Only __________ books are left now, we still need __________ more books. (Fill in the blanks)

(A) little, little (B) a few, a little (C) a few, some (D) few, little

(E) Not Attempted

44. વાર્ષિક ગણોત હક્ક વિરુદ્ધનો પુરાવો ન હોય તો ગણોતનો હક્ક ક્યારે પૂરો થાય છે એવું માની લઈ શકાય ?

(A) 31 માર્ચ (B) 30 જૂન (C) 30 સપ્ટેમ્બર (D) 31 ડિસેમ્બર

(E) Not Attempted

45. Let them __________ the homework, I will allow them __________ after 5 pm. (Fill in the blanks)

(A) to complete, to play (B) complete, to play

(C) do, play (D) did, do

(E) Not Attempted

46. રેખાંકિત કરેલ સંજ્ઞાનો પ્રકાર લખો : 'સૈનિકની <u>ટુકડી</u> નગરમાં પ્રવેશી.'

(A) વ્યક્તિવાચક (B) જાતિવાચક (C) સમૂહવાચક (D) ભાવવાચક

(E) Not Attempted

47. બેઝીક ગ્રાન્ટ પૈકી વહીવટી અને મૂડીગત ખર્ચાઓ માટે મહત્તમ કેટલા % (ટકા) ગ્રાન્ટ વાપરી શકાય ?

(A) 8% (B) 9% (C) 10% (D) 11%

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

48. પંચાયતોની નાણાકીય પરિસ્થિતિની પુનઃવિચારણા કરવા નાણાં આયોગ (Finance Commission) ની રચના કરવા અંગેની જોગવાઈ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (Article)માં છે ?

(A) 243 I (1) (B) 243 I (2) (C) 243 I (3) (D) 243 I (4)

(E) Not Attempted

49. રણજી ટ્રોફી જેના નામથી રમાય છે તે ક્રિકેટ ખેલાડી કયા શહેરના હતા ?

(A) જામનગર (B) રાજકોટ (C) વડોદરા (D) ભાવનગર

(E) Not Attempted

50. રૂઢિપ્રયોગનો અર્થ લખો : 'ફના થવું'

(A) પ્રસન્ન થવું (B) ગુસ્સે થવું (C) પાયમાલ થવું (D) રીસાઈ જવું

(E) Not Attempted

51. રાજ્ય સરકારે રાજ્યના જિલ્લાઓ વચ્ચે સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે, પછાત જિલ્લાઓને ખાસ ગ્રાન્ટ આપવા માટે કયું ફંડ સ્થાપવાનું હોય છે ?

(A) જિલ્લા સમકારી ફંડ (B) જિલ્લા ગામ ઉત્તેજના ફંડ

(C) જિલ્લા વિકાસ ફંડ (D) રાજ્ય સમકારી ફંડ

(E) Not Attempted

52. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 1988 માં 'જાહેર ફરજ'ની વ્યાખ્યા કઈ કલમમાં કરવામાં આવેલી છે ?

(A) 2(ખ) (B) 2(ગ) (C) 2(ક) (D) 2(ઘ)

(E) Not Attempted

53. રાજ્યમાં ત્રણ સ્તરની પંચાયતની રચના હોવી જોઈએ એ જોગવાઈ ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (Article)માં જણાવેલ છે ?

(A) 243 B (1) (B) 243 A (C) 243 (f) (D) 243 (g)

(E) Not Attempted

54. આપેલા વાક્યમાંથી વિશેષણ લખો : 'નાનાંમોટાં પક્ષીઓ આકાશમાં ઊડે છે.'

(A) નાનાંમોટાં (B) પક્ષીઓ (C) છે (D) ઊડે

(E) Not Attempted

55. દરેક પંચાયત તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ, તેનું વહેલું વિસર્જન ન થાય તો તેની પહેલી બેઠક માટે નક્કી થયેલી તારીખથી કેટલા વર્ષ સુધી ચાલુ રહેશે ?

(A) ત્રણ વર્ષ (B) ચાર વર્ષ (C) પાંચ વર્ષ (D) છ વર્ષ

(E) Not Attempted

56. ગુજરાત મુલ્કી સેવા (નોકરી સામાન્ય શરતો) નિયમો 2002 માં 'ફરજ'ની વ્યાખ્યા કયા પ્રકરણમાં આપેલી છે ?

(A) પ્રકરણ-1 (B) પ્રકરણ-3 (C) પ્રકરણ-2 (D) પ્રકરણ-4

(E) Not Attempted

57. 'બાથટબમાં માછલી'ના લેખક કોણ છે ?

(A) લાભશંકર ઠાકર (B) મીનાક્ષી ઠાકર (C) શરદ ઠાકર (D) નિર્મિશ ઠાકર

(E) Not Attempted

58. ભારતીય બંધારણનો ભાગ નવ (9)માંનો કોઈ પણ મજકૂર, અનુચ્છેદ (Article) 144 ના ખંડ (1) માં નિર્દિષ્ટ કરેલા અનુસૂચિત વિસ્તારોને અને ખંડ (2) માં નિર્દિષ્ટ કરેલા આદિજાતિ વિસ્તારોને લાગુ પડશે નહીં તે બાબત ભારતીય બંધારણના કયા અનુચ્છેદ (Article)માં છે ?

(A) 243 L (B) 243 M (C) 243 N (D) 243 P

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

59. રાજ્યના BPL પરિવાર અથવા રૂા. બે લાખથી ઓછી આવક મેળવતા પરિવારોના નવજાત શિશુનું ડૉક્ટર દ્વારા નિરીક્ષણ અને સ્વાસ્થ્યની જરૂરી સુવિધા મળે એ હેતુથી સરકારે કઈ યોજના અમલી બનાવી છે ?

(A) બાલસખા યોજના (B) બાલ ઉછેર યોજના (C) સ્વસ્થ શિશુ વિહાર (D) સ્વસ્થ બાલ યોજના

(E) Not Attempted

60. 5, 10, 16, 23, 31, ........ ક્રમમાં આગળ કઈ સંખ્યા આવે ?

(A) 40 (B) 39 (C) 38 (D) 41

(E) Not Attempted

61. 'જમીનના અનધિકૃત ભોગવટા માટે શિક્ષા'ની જોગવાઈ કઈ કલમ હેઠળ કરવામાં આવેલી છે ? (જમીન મહેસૂલ અધિનિયમ)

(A) 59 (B) 60 (C) 61 (D) 62

(E) Not Attempted

62. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) ઉત્તર દિશા અને પશ્ચિમ દિશાની વચ્ચે વાયવ્ય દિશા આવે.

(B) ઉત્તર દિશા અને પૂર્વ દિશાની વચ્ચે ઈશાન દિશા આવે.

(C) પૂર્વ દિશા અને દક્ષિણ દિશા વચ્ચે અગ્નિ દિશા આવે.

(D) પશ્ચિમ દિશા અને દક્ષિણ દિશા વચ્ચે અગ્નિ દિશા આવે.

(E) Not Attempted

63. રૂઢિપ્રયોગનો અર્થ લખો : 'દરગુજર કરવું'

(A) ખોટ પૂરવી (B) વિસરાઈ જવું (C) માફ કરવું (D) બેધ્યાન રહેવું

(E) Not Attempted

64. જિલ્લા પંચાયતમાં સભ્યોની સંખ્યા નક્કી કરવા ગુજરાત પંચાયત અધિનિયમની કઈ કલમમાં જોગવાઈ કરવામાં આવેલ છે ?

(A) 11 (4) (B) 11 (5) (C) 11 (3) (D) 11 (1)

(E) Not Attempted

65. રૂપિયાની ખરીદ શક્તિ ઘટવાનું મુખ્ય કારણ જણાવો.

(A) વસ્તી વધારો (B) ભાવ વધારો (C) માંગ વધારો (D) ભાવ ઘટાડો

(E) Not Attempted

66. She ran so __________ that she __________ get the prize. (Fill in the blanks)

(A) slow, cannot (B) slowly, will not (C) slowly, could not (D) slow, did

(E) Not Attempted

67. ઈ-ગવર્નન્સની કામગીરી માટે SPV તરીકે કોણ કામગીરી બજાવે છે ?

(A) ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી (B) બાયસેગ

(C) ડેવલપમેન્ટ કમિશ્નરશ્રી (D) રૂરલ ડેવલપમેન્ટ કમિશ્નરશ્રી

(E) Not Attempted

68. અલંકાર ઓળખાવો : 'આંખનો એકમાત્ર વૈભવ તે ગરમાળો.'

(A) ઉપમા (B) વર્ણાનુપ્રાસ (C) રૂપક (D) ઉત્પ્રેક્ષા

(E) Not Attempted

69. વિરોધી અર્થવાળો શબ્દ લખો : 'વ્યષ્ટિ'

(A) કષ્ટિ (B) દૃષ્ટિ (C) સમષ્ટિ (D) સૃષ્ટિ

(E) Not Attempted

70. ભારતના બંધારણનો કયો અનુચ્છેદ (Article) પંચાયતના અધિકારો, સત્તાઓ અને જવાબદારીઓ અંગેનો છે ?

(A) 243 E (B) 243 H (C) 243 G (D) 243 F

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

71. Can you follow what he is saying ? Yes, __________ . (Fill in the blank)

(A) I can (B) he can (C) we could (D) I did

(E) Not Attempted

72. કયો ખરડો દાખલ કરવા માટે રાજ્યપાલશ્રીની પૂર્વમંજૂરી જરૂરી છે ?

(A) પ્રશાસકીય ખરડો (B) વિશેષ ખરડો (C) નાણાકીય ખરડો (D) બંધારણીય ખરડો

(E) Not Attempted

73. __________ she __________ a new car on last Rathyatra ? (Fill in the blanks)

(A) Will, buy (B) Did, buy (C) Had, buy (D) Does, buy

(E) Not Attempted

74. શૂન્ય અક્ષાંશવૃત્તને શું કહેવાય છે ?

(A) મકરવૃત્ત (B) વિષુવવૃત્ત (C) કર્કવૃત્ત (D) ધ્રુવવૃત્ત

(E) Not Attempted

75. __________ invention of __________ anti-cancer vaccine is still awaited. (Fill in the blanks)

(A) An, an (B) The, the (C) The, a (D) A, a

(E) Not Attempted

76. ગુજરાત પંચાયત અધિનિયમ 1993 માં વ્યાખ્યામાં જણાવ્યા મુજબ પંચાયતના કાર્યોની યાદી કઈ અનુસૂચિઓમાં દર્શાવેલ છે ?

(A) અનુસૂચિ-1 અને 4 (B) અનુસૂચિ-2 અને 4

(C) અનુસૂચિ-3 અને 4 (D) અનુસૂચિ-1, 2 અને 3

(E) Not Attempted

77. સરકારી ખર્ચ કરવાં માટે કઈ બાબતો જરૂરી છે ?

(A) નાણાકીય જોગવાઈ, સત્તા તથા ખર્ચ માટે સક્ષમની મંજૂરી જરૂરી છે.

(B) પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપમાં અયોગ્ય રીતે પોતાના લાભમાં હોય તેવું ખર્ચ કરવું નહીં.

(C) સામાન્ય સમજદારી તથા પોતાના નાણાં ખર્ચવામાં આવતા હોય તેટલી કાળજી લેવી.

(D) અહીં દર્શાવેલ બધી જ બાબતો ધ્યાને રાખવી.

(E) Not Attempted

78. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'સહેલાઈથી દેખી કે સમજી શકાય તેવું'

(A) સ્પંદ (B) દ્દષ્ટા (C) ત્રિકાળદર્શી (D) સ્પષ્ટ

(E) Not Attempted

79. "યોગક્ષેમ વહામ્યહમ્" કયા વિભાગનું સૂત્ર છે તે જણાવો.

(A) ભારતીય જીવન વીમા નિગમ (B) રિઝર્વ બેંક

(C) સ્ટેટ બેંક (D) પ્રસાર ભારતી

(E) Not Attempted

80. જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન સૂત્ર કોણે આપ્યું ?

(A) ઈન્દિરા ગાંધી (B) નરેન્દ્ર મોદી

(C) અટલ બિહારી વાજપેયી (D) એ.પી.જે. અબ્દુલ કલામ

(E) Not Attempted

81. સંયોજકનો પ્રકાર લખો : 'વર્ગમાંથી એક શિક્ષક ગયા અને બીજા આવ્યા.'

(A) શરતવાચક (B) અવતરણવાચક (C) વિકલ્પવાચક (D) સમુચ્ચયવાચક

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

82. Silence, my grandparents __________ in the next room. (Fill in the blank)
(A) will sleep (B) did sleep (C) are sleeping (D) were sleeping
(E) Not Attempted

83. નીચેની કઈ ગુજરાતી વ્યક્તિ બંધારણસભામાં સભ્ય ન હોતી ?
(A) રવિશંકર મહારાજ (B) હંસા મહેતા (C) કનૈયાલાલ મુનશી (D) સરદાર પટેલ
(E) Not Attempted

84. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ મુજબ સેટલમેન્ટની મુદત કેટલા વર્ષ સુધી અમલમાં રહેશે ?
(A) 25 (B) 30 (C) 35 (D) 40
(E) Not Attempted

85. નાણાપંચની ભલામણ અનુસાર કયા પરિબળોને ધ્યાને લઈને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ?
(A) 90% ગ્રાન્ટ વસ્તી આધારે, 10% ગ્રાન્ટ વિકાસ આધારે
(B) 80% ગ્રાન્ટ વસ્તી આધારે, 20% ગ્રાન્ટ વિકાસ આધારે
(C) 70% ગ્રાન્ટ વસ્તી આધારે, 30% ગ્રાન્ટ વિકાસ આધારે
(D) 50% ગ્રાન્ટ વસ્તી આધારે, 50% ગ્રાન્ટ વિકાસ આધારે
(E) Not Attempted

86. 'બ્યુટેન' હાઈડ્રોકાર્બનનું અણુસૂત્ર કયું છે ?
(A) $CH_4$ (B) $C_2H_6$ (C) $C_3H_8$ (D) $C_4H_{10}$
(E) Not Attempted

87. સમાસ ઓળખાવો : હિંદવાસી
(A) દ્વિગુ (B) તત્પુરુષ (C) દ્વન્દ્વ (D) મધ્યમપદલોપી
(E) Not Attempted

88. મહંમદ ગઝનીની સોમનાથની ચઢાઈ વખતે વીરગતિ પામનાર હમીરજી ગોહિલ કયા રાજવંશ સાથે સંકળાયેલા હતા ?
(A) ભાવનગરનો ગોહિલ રાજવંશ (B) લાઠીનો ગોહિલ રાજવંશ
(C) મેવાડનો ગોહિલ રાજવંશ (D) મહુવાનો ગોહિલ રાજવંશ
(E) Not Attempted

89. નીચેનામાંથી કયા હાસ્યલેખક ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા નથી ?
(A) બકુલ ત્રિપાઠી (B) જ્યોતીન્દ્ર દવે (C) રતિલાલ બોરીસાગર (D) વિનોદ ભટ્ટ
(E) Not Attempted

90. 'દાણલીલા' કૃષ્ણ વિષયક કાવ્ય નીચેનામાંથી કોણે લખ્યું છે ?
(A) નરસિંહ મહેતા (B) મીરાબાઈ (C) પ્રેમાનંદ (D) અખો
(E) Not Attempted

91. નીચેના પૈકી સાચી જોડણી કઈ છે ?
(A) પશ્ચાતાપ (B) પશ્ચાત્તાપ (C) પ્રશ્ચાતાપ (D) પ્રશ્ચાત્તાપ
(E) Not Attempted

92. સંધિ લખો : પુનર્ + અવતાર
(A) પુનવતાર (B) પુનરવતાર (C) પુર્નઅવતાર (D) પુનર્વતાર
(E) Not Attempted

93. દરેક પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે બેઠકો અનામત રાખવા અંગેની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદ (Article)માં છે ?
(A) 243 D (1) (B) 243 C (2) (C) 243 C (3) (D) 243 C (4)
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

94. નીચલા વર્ગની પંચાયત સેવા (વર્ગ-4) ની યાદી, ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1998 હેઠળ કઈ અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ છે ?

(A) અનુસૂચિ-1 (B) અનુસૂચિ-2 (C) અનુસૂચિ-3 (D) અનુસૂચિ-4

(E) Not Attempted

95. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) વર્ણ, વર્ષ, વૃદ્ધિ, વૈદ્ય, વ્રજ (B) વૃદ્ધિ, વર્ણ, વર્ષ, વ્રજ, વૈદ્ય

(C) વ્રજ, વર્ણ, વર્ષ, વૃદ્ધિ, વૈદ્ય (D) વ્રજ, વર્ષ, વર્ણ, વૈદ્ય, વૃદ્ધિ

(E) Not Attempted

96. DRDO નું પૂરું નામ શું છે ?

(A) Defence Research and Defence Operations

(B) Defence Research and Development Organisation

(C) Defence Rocket and Development Organisation

(D) Defence Recruitment and Development Organisation

(E) Not Attempted

97. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'ટચલી આંગળી પાસેની આંગળી'

(A) તર્જની (B) પ્રથમા (C) મધ્યમા (D) અનામિકા

(E) Not Attempted

98. નીચેના પૈકી કયું શબ્દજોડકું સમાનાર્થી શબ્દ દર્શાવે છે ?

(A) વૃંદા - તુલસી (B) હય - હાથી (C) શરટ - કાગડો (D) વિયતિ - બ્રહ્મા

(E) Not Attempted

99. 'રાષ્ટ્રિય ટ્રૅકનૉલૉજી દિન' કયા દિવસે મનાવવામાં આવે છે ?

(A) 9th May (B) 11th September

(C) 11th May (D) 12th January

(E) Not Attempted

100. All __________ international flights __________ because of smog. (Fill in the blanks)

(A) an, flies (B) the, have been cancelled

(C) the, went (D) an, gone

(E) Not Attempted

101. રેપોરેટ શું છે ?

(A) RBI વ્યાપારી બેંકોને એક વર્ષ સુધીના સમયગાળા માટે જે ધિરાણ આપે તેના ઉપર લેવાતો વ્યાજનો દર

(B) RBI દ્વારા વ્યાપારી બેંકોને તેમની થાપણો ઉપર ચૂકવાતો વ્યાજનો દર

(C) RBI વ્યાપારી બેંકોને એક વર્ષથી વધુ સમયગાળા માટે જે ધિરાણ આપે તેના પર લેવાતો વ્યાજનો દર

(D) RBI વ્યાપારી બેંકોને સાત દિવસ માટે જે ધિરાણ આપે તેના પર લેવાતો વ્યાજનો દર

(E) Not Attempted

102. "એકત્રિત ગામ" તરીકે જાહેર કરવામાં આવે ત્યારે "સદરહુ તારીખ"ના કેટલા મહિનાની અંદર "એકત્રિત ગામ"ની પંચાયત રચવી જોઈએ ?

(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર

(E) Not Attempted

103. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1998 મુજબ ભારતના નાગરિકત્વ સંબંધી શરતો કયા નિયમમાં જણાવેલ છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

104. 'ડાયરેક્ટ ટુ હોમ' (DTH) પ્રસારણ માટે ભારતે અવકાશમાં કયો ઉપગ્રહ તરતો મૂક્યો છે ?
(A) EDUSAT (B) INSAT-4-A (C) METSAT (D) CARTOSAT
(E) Not Attempted

105. Only _________ Guru Govindsinh can fight for _________ national pride. (Fill in the blanks)
(A) a, a (B) the, the (C) a, the (D) the, a
(E) Not Attempted

106. સમાસ ઓળખાવો : 'કમલાક્ષી'
(A) બહુવ્રીહિ (B) દ્વન્દ્વ (C) દ્વિગુ (D) તત્પુરુષ
(E) Not Attempted

107. In any case, you _________ to perform this task. (Fill in the blank)
(A) do (B) will (C) will have (D) did have
(E) Not Attempted

* Supply the missing word from the options given against the respective numbers. (Q. No. 108 to 117)

With the pollution crossing the standard norms, the ___(108)___ is facing ___(109)___ issues. The time has ___(110)___ when we all have to work ___(111)___ to ___(112)___ the grim situation. To ___(113)___ the air pollution, we will have to opt for ___(114)___ alternatives to petroleum ___(115)___. We ___(116)___ to explore the potentials of the solar energy to ___(117)___ the ecology.

108. (A) economy (B) ecology (C) economical (D) economics
(E) Not Attempted

109. (A) critical (B) criticism (C) criticise (D) criminal
(E) Not Attempted

110. (A) come (B) gone (C) went (D) become
(E) Not Attempted

111. (A) union (B) united (C) unified (D) unitedly
(E) Not Attempted

112. (A) attack (B) achieve (C) attract (D) address
(E) Not Attempted

113. (A) check (B) cheque (C) chalk (D) chart
(E) Not Attempted

114. (A) a little (B) the (C) an (D) a
(E) Not Attempted

115. (A) protect (B) products (C) promo (D) progress
(E) Not Attempted

116. (A) can have (B) will have (C) could have (D) will had
(E) Not Attempted

117. (A) prevent (B) protect (C) produce (D) prospect
(E) Not Attempted

118. નીચેનામાંથી કઈ બાબતો ડૉ. ભીમરાવ આંબેડકર સાથે સંકળાયેલી નથી ?
(A) રાજઘાટ, તીનમૂર્તિ ભવન, શક્તિ સ્થળ
(B) પૂના કરાર, શાહુ મહારાજ, બંધારણ
(C) સયાજીરાવ ગાયકવાડ, ગોળમેજી પરિષદ, મરણોત્તર ભારતરત્ન
(D) હિન્દુ કોડ બીલ, બૌદ્ધ ધર્મ, નાગપુર
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

119. ગુજરાત પ્રવાસન ઉદ્યોગના એમ્બેસેડર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(A) બાબા રામદેવ (B) સલમાન ખાન (C) અમિતાભ બચ્ચન (D) અભિષેક બચ્ચન
(E) Not Attempted

120. નિપાત લખો : 'હું આજે પણ એમની હાજરી અનુભવી શકું છું.'
(A) હું (B) પણ (C) હાજરી (D) છું
(E) Not Attempted

121. વિરોધી અર્થવાળો શબ્દ લખો : 'આરોહ'
(A) પ્રરોહ (B) વિદ્રોહ (C) વિરહ (D) અવરોહ
(E) Not Attempted

122. માહિતી ડિજિટલ સ્વરૂપમાં વિતરિત થતી હોવાને કારણે
(A) કાર્યક્ષમતા વધશે (B) પારદર્શિતા વધશે
(C) ઉત્તરદાયિત્વ વધશે (D) અહીં દર્શાવેલ બધી જ બાબતો બનશે
(E) Not Attempted

123. ₹ 25 ના 4% બરાબર કેટલી રકમ થાય તે જણાવો.
(A) 1 રૂપિયો 25 પૈસા (B) 75 પૈસા (C) 1 રૂપિયો (D) 1 રૂપિયો 50 પૈસા
(E) Not Attempted

124. જાહેર રસ્તા અને ખુલ્લી જગ્યાઓ ઉપર નડતર અને દબાણ દૂર કરવાના અધિકાર ગુજરાત પંચાયત અધિનિયમની કઈ કલમ હેઠળ ગ્રામપંચાયતને આપવામાં આવેલ છે ?
(A) 102 (B) 103 (C) 104 (D) 105
(E) Not Attempted

125. તાલુકા પંચાયતની બેઠક સામાન્ય રીતે ક્યારે ભરવી જોઈએ ?
(A) દર માસે (B) દર બે માસે (C) દર ત્રણ માસે (D) દર ચાર માસે
(E) Not Attempted

126. હિમાલય કેવા પ્રકારનો પર્વત છે ?
(A) ગેડ પર્વત (B) ખંડ પર્વત (C) જ્વાળામુખી પર્વત (D) અવશિષ્ટ પર્વત
(E) Not Attempted

127. મહાત્મા ગાંધીના કોચરબ આશ્રમ અને સાબરમતી આશ્રમ માટે નીચેનું કયું વિધાન સાચું છે ?
(A) પહેલાં સાબરમતી આશ્રમ અને ત્યારબાદ કોચરબ આશ્રમમાં પ્રવૃત્તિ કરી.
(B) કોચરબ આશ્રમ તોડીને તેની જગ્યાએ સાબરમતી આશ્રમ બનાવ્યો.
(C) પ્રથમ કોચરબ આશ્રમમાં અને ત્યારબાદ સાબરમતી આશ્રમમાં પ્રવૃત્તિ કરી.
(D) બંને આશ્રમમાં 1930 સુધી સમાંતરે પ્રવૃત્તિ કરી.
(E) Not Attempted

128. નીચેનામાંથી કોનું ઉપનામ મધુ રાય છે ?
(A) મધુસૂદન ઠાકર (B) મધુકર ઉપાધ્યાય (C) મધુસૂદન પારેખ (D) મધુ કોઠારી
(E) Not Attempted

129. કહેવતનો અર્થ લખો : 'આંગળીથી નખ વેગળા'
(A) આંગળીમાં નખ વધે છે. (B) નખ આંગળી સાથે જોડાતા નથી.
(C) પારકાં પોતાનાં ન બને. (D) પોતાનાં પારકાં ન બને.
(E) Not Attempted


PariksaPath . pariksapath.in

130. પંચાયતમાં કુલ ચૂંટાવવાપાત્ર જગ્યાઓ પૈકી 1/3 કરતાં ઓછી ના હોય તેટલી જગ્યાઓ સ્ત્રીઓ માટે અનામત રાખવાની જોગવાઈ બંધારણના કયા અનુચ્છેદ (Article)માં કરવામાં આવેલી છે ?

(A) 243 D (1) (B) 243 K (2) (C) 243 K (3) (D) 243 D (2) (3)

(E) Not Attempted

131. નિપાત લખો : 'વન તો કલ્પના સમાન બની જશે.'

(A) વન (B) તો (C) સમાન (D) કલ્પના

(E) Not Attempted

132. પંચાયતના સભ્ય તરીકે પસંદ થવા અને રહેવા માટે ગેરલાયક ગણાશે તે અંગેની જોગવાઈ ભારતના બંધારણના કયા અનુચ્છેદ (Article)માં છે ?

(A) 243 E (1) (B) 243 (B) (2) (C) 243 F (1) (D) 243 (H) (a)

(E) Not Attempted

133. નીચેના પૈકી કઈ બાબતોના સંબંધમાં જોગવાઈ કરવાની ગ્રામપંચાયતોની ફરજ છે તે જણાવો.

(A) પ્રસૂતિ અને બાળ કલ્યાણ બાબત (B) ગામમાં દીવાબત્તીની વ્યવસ્થા કરબા બાબત

(C) મકાનોને નંબર આપવા બાબત (D) અહીં દર્શાવેલ બધી જ બાબતો

(E) Not Attempted

134. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો 1997 હેઠળ મોટી શિક્ષા (Major Penalties) કરવા માટેની પ્રક્રિયા કઈ કલમમાં જણાવેલ છે ?

(A) 6 (B) 7 (C) 8 (D) 9

(E) Not Attempted

135. દેશમાં પંચાયતી રાજ વધુ કાર્યક્ષમ કરવા ભારતીય બંધારણમાં કયો સુધારો કરવામાં આવેલો હતો ?

(A) 72 (B) 73 (C) 74 (D) 75

(E) Not Attempted

136. સમાનાર્થી શબ્દ લખો : 'ધરતી'

(A) સવિતા (B) પ્રથમી (C) વિપિન (D) વાલુકા

(E) Not Attempted

137. નીચેના પૈકી સાચી જોડણી કઈ છે ?

(A) અર્ધનિમીલિત (B) અર્ધનીમિલિત (C) અર્ધનિમીલીત (D) અર્ધનીમિલીત

(E) Not Attempted

138. ગુજરાત પંચાયત અધિનિયમ 1993 હેઠળ ચૂંટણી દરમ્યાન મતદાર વિભાગો રચવા માટેની જોગવાઈ કઈ કલમમાં છે ?

(A) 16 (B) 17 (C) 18 (D) 19

(E) Not Attempted

139. ગ્રામપંચાયતની બેઠકમાં મહત્તમ કેટલા લોકોને ખાસ નિમંત્રિત તરીકે બોલાવી શકાય ?

(A) 2 (B) 3 (C) 4 (D) 5

(E) Not Attempted

140. આપેલા વાક્યમાંથી વિશેષણ લખો : 'તેણે મારો હાથ દબાવ્યો.'

(A) તેણે (B) મારો (C) હાથ (D) દબાવ્યો

(E) Not Attempted

141. છંદ ઓળખાવો : 'જન્મ્યા તમે ઉદરથી પ્રભુ ! દેવકીનાં.'

(A) વસંતતિલકા (B) પૃથ્વી (C) શિખરિણી (D) મંદાક્રાન્તા

(E) Not Attempted



PariksaPath . pariksapath.in

142. શબ્દકોશના ક્રમ મુજબ સાચો ક્રમ કયો છે ?

(A) મંત્ર, મુદ્દલ, મુહૂર્ત, મુગ્ધ
(B) મુદ્દલ, મુહૂર્ત, મુગ્ધ, મંત્ર
(C) મુદ્દલ, મુગ્ધ, મુહૂર્ત, મંત્ર
(D) મંત્ર, મુગ્ધ, મુદ્દલ, મુહૂર્ત
(E) Not Attempted

143. છંદ ઓળખાવો : 'દેવો ને માનવોનાં મધુમિલન તણા સ્થાન સંકેત જેવો.'

(A) શાર્દૂલવિક્રીડિત
(B) સ્રગ્ધરા
(C) ચોપાઈ
(D) મનહર
(E) Not Attempted

144. ગુજરાત પંચાયત અધિનિયમ 1993 હેઠળ દરેક ગામમાં 'ગ્રામ ફંડ' નામે ઓળખાતું એક ફંડ રહેશે તેવી જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલી છે ?

(A) 108
(B) 109
(C) 110
(D) 111 (1)
(E) Not Attempted

145. ભારતમાં બંધારણનો અમલ ક્યારથી થયો ?

(A) 15 ઑગસ્ટ, 1947
(B) 15 ઑગસ્ટ, 1950
(C) 26 જાન્યુઆરી, 1950
(D) 26 જાન્યુઆરી, 1947
(E) Not Attempted

146. ગુજરાત પંચાયત અધિનિયમ 1993 હેઠળ 'જાહેર રસ્તો'ની વ્યાખ્યા કઈ કલમમાં દર્શાવેલ છે ?

(A) 2 (18)
(B) 2 (17)
(C) 2 (16)
(D) 2 (15)
(E) Not Attempted

147. સામાન્ય રીતે રાજ્યપત્રિત અને બિનરાજ્યપત્રિત સરકારી કર્મચારીઓની સેવાપોથી કેટલી નકલોમાં રાખવામાં આવે છે ?

(A) 3
(B) 2
(C) 1
(D) 4
(E) Not Attempted

148. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ કોણ છે ?

(A) વજુભાઈ વાળા
(B) રમણભાઈ વોરા
(C) શશીકાંત લાખાણી
(D) મંગળભાઈ પટેલ
(E) Not Attempted

149. ઈ ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનું સોફ્ટવેર કોણે તૈયાર કરેલ છે ?

(A) NIC ગાંધીનગર
(B) TCS
(C) ઈન્ટેલ
(D) ઈન્ફોસીસ
(E) Not Attempted

150. ગુજરાત જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના (કાર્યો) નિયમો 1998 મુજબ સીધી ભરતી વખતે પસંદગી સમિતિએ નીચેના પૈકી કઈ બાબતો ધ્યાને લેવાની રહે છે ?

(A) સંબંધિત વિસ્તારમાં પુરતી, બહોળી પ્રસિદ્ધિ કરવી
(B) અરજીઓ ઉપર વિચારણા કરીને; લેખિત પરીક્ષા લેવી
(C) પસંદગી પામેલ ઉમેદવારોની યાદી પંચાયતને મોકલવી
(D) અહીં દર્શાવેલ બધી જ બાબતો
(E) Not Attempted

• • •



PariksaPath . pariksapath.in

QUE. BOOKLET NO.
12048417
SEAL SEAL SEAL

# SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (**OMR SHEET**) ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



PariksaPath . pariksapath.in

## GUJARAT PANCHAYAT SERVICES SELECTION BOARD

### FINAL ANSWER KEY

**Advt. No. : 12/2016-17 - Nayab Chitnis (DC-2016-17)**
**Exam Date : 05/02/2017**

### QUESTION PAPER SERIES - A

| Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER | Q. NO. | ANSWER |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | A | 26 | * | 51 | D | 76 | D | 101 | * | 126 | A |
| 2 | B | 27 | D | 52 | A | 77 | D | 102 | D | 127 | C |
| 3 | B | 28 | A | 53 | A | 78 | D | 103 | C | 128 | A |
| 4 | B | 29 | B | 54 | A | 79 | A | 104 | B | 129 | C |
| 5 | A | 30 | D | 55 | C | 80 | C | 105 | C | 130 | D |
| 6 | B | 31 | B | 56 | C | 81 | D | 106 | A | 131 | B |
| 7 | A | 32 | C | 57 | A | 82 | C | 107 | C | 132 | C |
| 8 | D | 33 | B | 58 | B | 83 | A | 108 | B | 133 | D |
| 9 | D | 34 | B | 59 | A | 84 | B | 109 | A | 134 | C |
| 10 | B | 35 | B | 60 | A | 85 | A | 110 | A | 135 | B |
| 11 | D | 36 | C | 61 | C | 86 | D | 111 | D | 136 | B |
| 12 | A | 37 | A | 62 | D | 87 | B | 112 | D | 137 | A |
| 13 | D,A | 38 | C | 63 | C | 88 | B | 113 | A | 138 | A |
| 14 | D | 39 | A | 64 | A | 89 | C | 114 | B | 139 | A |
| 15 | B | 40 | D | 65 | B | 90 | C,A | 115 | B | 140 | B |
| 16 | D | 41 | D | 66 | C | 91 | B | 116 | B | 141 | A |
| 17 | D | 42 | A | 67 | A | 92 | B | 117 | B | 142 | D |
| 18 | D | 43 | C | 68 | C | 93 | A | 118 | A | 143 | B |
| 19 | D | 44 | A | 69 | C | 94 | B | 119 | C | 144 | D |
| 20 | A | 45 | B | 70 | C | 95 | A | 120 | B | 145 | C |
| 21 | C | 46 | C | 71 | A | 96 | B | 121 | D | 146 | B |
| 22 | B | 47 | C | 72 | C | 97 | D | 122 | D | 147 | B |
| 23 | C | 48 | A | 73 | B | 98 | A | 123 | C | 148 | B |
| 24 | B | 49 | A | 74 | B | 99 | C | 124 | D | 149 | A |
| 25 | B | 50 | C | 75 | B | 100 | B | 125 | C | 150 | D |

* QUESTION CANCELLED AND 1 MARK GIVEN TO ALL CANDIDATES

PariksaPath . pariksapath.in